MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 06, December 2025

# સરદાર પટેલનું ભાષણ : કિસાનોના ઉધ્ધારક તરીકે

**ડૉ. ગાયત્રી ગોહેલ**
આસિસ્ટન્ટ પ્રોફેસર - ઈતિહાસ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

**સારાંશ :**

આ સંશોધનપત્રમાં સરદાર વલ્લભભાઈ પટેલના કિસાનોને ઉદ્દેશીને આપેલા ભાષણોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. સરદાર પટેલને સામાન્ય રીતે સ્વતંત્ર ભારતના "લોખંડ પુરુષ" તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ તેઓ કિસાન આંદોલનના પ્રેરક, માર્ગદર્શક અને કિસાનોના ઉદ્ધારક તરીકે પણ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. પેપરના મુખ્ય ભાગમાં ઈ.સ. ૧૯૩૬ના કિસાન સંમેલનમાં પ્રમુખપદેથી આપેલા ભાષણના આધાર પર સરદાર પટેલે કિસાનોની ભૂખમરી, ગરીબી, આરોગ્યની અછત, શોષણ અને અજ્ઞાનતા અંગે વ્યક્ત કરેલા વિચારોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. સાથે જ જમીનદાર, શાહુકાર અને રાજસત્તાની શોષણકારી નીતિઓ પર કરેલી તેમની તીવ્ર ટીકા પણ રજૂ કરવામાં આવી છે. સરદાર પટેલ કિસાનોને પોતાની સંખ્યાબળ અને શ્રમશક્તિ ઓળખવા, સંગઠિત થવા અને સ્વમાનપૂર્ણ જીવન માટે સંઘર્ષ કરવા પ્રેરિત કરે છે. આ સંશોધનપત્રમાં સરદાર પટેલના સામાજિક સુધારણાસંબંધી વિચારો—જેમ કે બાળલગ્નનો વિરોધ, આભડછેટની નાબૂદી, કોમી ભાઈચારાનું સમર્થન અને પંચાયત દ્વારા વિવાદ નિવારણ—વિસ્તૃત રીતે રજૂ થયાં છે. તેઓ સ્વરાજને માત્ર રાજકીય સ્વતંત્રતા નહીં પરંતુ સામાજિક સમાનતા, માનવ ગૌરવ અને નૈતિક જવાબદારી સાથે જોડે છે.

- **ચાવીરૂપ શબ્દો :** *સરદાર વલ્લભભાઈ પટેલ, કિસાનોના ભાષણો, કિસાન સંગઠન, સામાજિક સુધારણા, બાળલગ્ન વિરોધ, આભડછેટ, કોમી ભાઈચારો, કિસાન સ્વમાન.*

## 1. ભુમિકા:

સરદાર પટેલ માત્ર એક રાષ્ટ્રીય નેતા કે સ્વતંત્ર ભારતના લોખંડ પુરુષ તરીકે જ જાણીતા નથી, પરંતુ તેઓ કિસાન આંદોલનના પ્રેરક અને માર્ગદર્શક તરીકે પણ વિશેષ સ્થાન ધરાવે છે. ખેડૂત જીવનના દુઃખ-દર્દને નજીકથી સમજનાર સરદાર પટેલે પોતાના ભાષણો દ્વારા કિસાનોમાં જાગૃતિ, આત્મવિશ્વાસ અને સંઘર્ષની ચેતના જગાવી. તેમના ભાષણોમાં શોષણ સામે વિરોધ, અહિંસક સંઘર્ષ, સંગઠન શક્તિ અને નૈતિક સાહસના વિચારો સ્પષ્ટપણે પ્રતિબિંબિત થાય છે. ઉપરાંત ખેડુતોને બાળલગ્ન અને આભડછેડ જેવા સામાજિક દુષણોને જીવનમાંથી દુર કરવા સલાહ આપે છે. સરદાર પટેલના ભાષણોની વિશેષતા એ હતી કે તેમાં રાજકીય ભાષા કરતાં ગ્રામીણ જીવનને સ્પર્શતી સરળ, સ્પષ્ટ અને અસરકારક અભિવ્યક્તિ જોવા મળે છે. તેઓ કિસાનોને હક માટે લડવાની

સાથે-સાથે શિસ્ત, અહિંસા અને રાષ્ટ્રીય હિતનું મહત્વ પણ સમજાવતા. આ ભાષણો માત્ર તે સમયના સંઘર્ષ સુધી સીમિત નહોતા, પરંતુ ભવિષ્ય માટે દિશાસૂચક સાબિત થયા. "ડરશો નહીં", "એકતા જ તમારી શક્તિ છે" અને "અન્યાય સામે નમવું પાપ છે" જેવા તેમના વિચારોએ કિસાનોમાં નવી ચેતના ફૂંકી. આ કારણે જ કિસાનો તેમને પ્રેમથી "સરદાર" તરીકે સ્વીકાર્યા.

### 2. કિસાન સભાના પ્રમુખપદેથી સરદાર પટેલનું ભાષણ :

ઈ.સ. ૧૯૩૬માં સંયુકત પ્રાંતનું કિસાન સંમેલન યોજાયું હતું. આ સંમેલનના પ્રમુખ તરીકે સરદાર પટેલની નિમણુક કરવામાં આવી હતી. સૌ પ્રથમ સભાના પ્રમુખ તરીકે તેમની નિમણુક કરવા બદલ સરદાર વલ્લભભાઈ પટેલ સંયુક્ત પ્રાંતના કિસાન ભાઈઓનો આભાર પ્રગટ કરે છે. પ્રમુખપદેથી સરદાર પટેલ ખેડુતોની સ્થિતિ, તેઓની કંગાળિયતના કારણો અને રાજતંત્રમાં ખેડુતોનુ સ્થાન વિશે ખેડુતોને જાગ્રુત કરે છે.

પ્રમુખ પદેથી સરદાર પટેલ કિસાનોની કંગાલિયત વિશે જણાવે છે કે, 'આપણા દેશમાં સેંકડે એંસી જણ કિસાન છે. આ દેશના કિસાનોની જેવી કંગાલ અને દુ:ખદ સ્થિતિ છે એવી દુનિયાના બીજા કોઈ દેશના કિસાનોની નથી. કરોડો કિસાનોને એક ટંક પેટ ભરીને લૂખોસૂકો રોટલોય નથી મળતો. અર્ધા ભૂખ્યા રહેવું એ તો કિસાનને માટે હંમેશનું થઈ પડ્યું છે. ભૂખમરો અને અજ્ઞાનના બોજ તળે કચડાઈ રહેલા આ ભલાભોળા ખેડૂતોમાં અનેક જાતના વહેમ અને સામાજિક સડાએ ઘર કર્યું છે. ચોખ્ખાઈના સામાન્ય નિયમો પાળવા જેટલી તાલીમ પણ તેમને નથી મળી. આગળ જણાવે છે કે, પ્લેગ, કોલેરા, મરડો તથા મલેરિયા એ તો એમના કાયમના સાથી બની ગયા છે. અનેક રોગોથી પીડાતા, લાખો ગામડાંઓમાં વસનારા આ કિસાનોને માટે એના ઉપચારનાં કશાં સાધનસગવડ નથી. કિસાનોની દરીદ્રતા વિશે જણાવે છે કે, શિયાળાની કડકડતી ટાઢમાં કાંપતા આ કિસાનોને પહેરવા ઓઢવા પૂરતાં વસ્ત્ર પણ નથી. એમને રહેવાનાં ખંડિયેર અને ઝૂંપડાં મનુષ્ય વસવાટને યોગ્ય નથી. એમનાં ગામોની ચારે બાજુ ગંદકી અને બદબુ ફેલાવતા ઘેરોના છાણના ઢગ ખડકાયેલા દેખાય છે. જમીનદારોને ટકોર કરતા જણાવે છે કે, "જમીનદાર કેવળ રાજસત્તાના વૈભવનું અનુકરણ કરવામાં જ પોતાની ખાનદાની સમજે છે. અને સત્તાધીશોની રૂખ જોઈ રૈયત ઉપર રુઆબ બેસાડવામાં જ પોતાની સલામતી સમજે છે. આ રાજસત્તાના જેવી ખર્ચાળ અને નકામો ખર્ચ કરનારી સત્તા ધરતીના પટ પર બીજે કોઈ ઠેકાણે નથી. આ રાજસત્તા પ્રજાની ભુખનો જરાય વિચાર કર્યા વિના કરોડો રૂપિયા લશ્કર પાછળ ખર્ચી પોતાના માણસોનું પોષણ કરી રહી છે."

રાજતંત્રમાં ખેડુતોનું સ્થાન :

રાજતંત્રમાં ખેડુતોના સ્થાન વિશે સરદાર પટેલ જણાવે છે કે, અત્યારના રાજતંત્રમાં ખેડુતોનો અવાજ જ નથી. જ્યાં સુધી રાજતંત્રમાં ખેડુતોનો પુરો અવાજ નહીં હોય એટલે કે ખેડુતોની જનસંખ્યા અને દેશ કે રાજ્યને

માટે આ સંખ્યાની ઉપયોગિતાની દૃષ્ટિથી ખેડુતોને રાજતંત્રમાં યોગ્ય સ્થાન નહીં આપવામાં આવે, ત્યાં સુધી ખેડુતોને પૂરો ન્યાય મળવાની સંભાવના ઓછી છે. એકલો કિસાન જ રાતદિન મહેનત ઉઠાવે છે; ટાઢ, તડકો અને વરસાદને સહન કરે છે; ઢોરની સાથે ઢોર બનીને ભૂખ્યે પેટે મજૂરી કરે છે; પસીનો પાડીને ધન પેદા કરે છે અને જમીનદાર, શાહુકાર અને રાજ્યનું પોષણ કરે છે. જગતનું પોષણ કરનાર કિસાન તો જગતનો અન્નદાતા ગણાવો જોઈએ. એનું સ્થાન પ્રથમ પંક્તિનું ગણાવું જોઈએ. તેને બદલે બીજાનું પોષણ કરનાર આ કિસાનને પોતાનું પેટ ભરવા તરસવું પડે છે. આપણા કિસાનોને જ્યારે સ્વમાનનું ભાન થશે અને રાજતંત્રમાં તેને યોગ્ય સ્થાન મળશે ત્યારે જ આ દુઃખનો અંત આવશે. આ ઉપરાંત નવું રાજબંધારણ તૈયાર થઈ રહ્યું હતુ તેની ટીકા પણ કરી હતી.

ખેડુતોની શક્તિ

ખેડુતોને પોતાની શક્તિનો પરીચય કરાવતા સરદાર પટેલ જણાવે છે કે, "ખેડુતોને પોતાની શક્તિનો ખ્યાલ જ નથી. જગતનું પોષણ કરનારો ખેડુત પામર છે, કંગાલ છે, રંક છે, એવું એવું જ્યારે હું સાંભળું છું ત્યારે મને અપાર દુઃખ થાય છે. પણ પોતાની શક્તિ ભૂલી જઈને ખુદ ખેડુત એવું માનવા લાગ્યો છે એ જાણીને તો મને વધારે દુઃખ થાય છે. કરોડોની સંખ્યા એ જ એનું મોટામાં મોટું બળ છે અને એથીએ મોટું બળ એની મજૂરી કરવાની અખૂટ શક્તિ છે. જ્યારે ખેડુતોને તેમની આ શક્તિઓનું જ્ઞાન થશે તે દિવસે એની સામે કોઈ ટકી નહીં શકે. જુલમગારના હાથ હેઠા પડશે અને રાજ્યની લગામ કિસાનોના હાથમાં આવી જશે. સરદાર ખેડુતોને સંગઠિત થવા સુચન કરે છે સંગઠનની તાકાતનો પરીચય કરાવતા જણાવે છે કે, "સંગઠન વિનાનું સંખ્યાબળ એ બળ નથી. સૂતરના બારીક તાર જુદા જુદા હોય છે ત્યારે હવાના સપાટાથી પણ તૂટી જાય એવા કમજોર હોય છે. પણ જ્યારે મોટી સંખ્યામાં ભેગા થઈને મહોબત કરે છે, તાણાવાણામાં વણાઈને કપડાનું રૂપ લે છે ત્યારે એની મજબુતી, સુંદરતા અને ઉપયોગિતા અદ્ભુત બની જાય છે. ખેડુતો જ્યારે સૂતરના તારોની જેમ પરસ્પર મહોબતથી એક સંગઠન ઊભું કરશે ત્યારે એમને પોતાની શક્તિનું ભાન થશે એકલો અટૂલો ખેડુત બધાની ઠોકરો ખાતો આવ્યો છે ને ખાશે". ખેડુતોને સંબોધીને જણાવે છે કે, "ખેડુત જો જાતનું ભલું ઈછતતો હોય તો એણે પોતાનું મજબૂત સંગઠન ઊભું કરવું જોઈએ અને એકબીજા તરફ પ્રેમ અને વિશ્વાસ કેળવવો જોઈએ. એણે એ સમજી જવું જોઈએ કે, તમામ ખેડુતો એક જ પિતાનાં સંતાનો છે. હું 'ખેડુતો'ની આ વ્યાખ્યામાં ખેતમજુરી કરનારા મંજૂરોનો પણ સમાવેશ કરું છું

ખેડુતોને પોતાના સ્વમાન માટે જાગ્રત કરતા જણાવે છે કે, "ખેડુતોમાં સ્વમાનની ભાવના જાગૃત થયા વિના એનું કલ્યાણ કદી થવાનું નથી. બીજા પોતાનાથી વધારે નસીબદાર અને મોટા છે તથા પોતે કમનસીબ અને દુર્બળ છે એ માન્યતા ખેડુતોમાં છે. જે ખેડુત ઓછામાં ઓછું પાપ કરનાર છે, પસીનો પાડીને પોતાનું પેટ ભરનારો છે, જેને બીજા પર આધાર રાખવાની જરા પણ જરૂર નથી, ઊલટો બધાનો જેના પર આધાર છે, તે

પોતાને નિરાધાર અને હલકો માનતો થવાથી, એની શક્તિ દિનપ્રતિદિન ઓછી થતી જાય છે. જેટલું કષ્ટ ખેડુત સહ્ન કરે છે એટલું કોઈ અન્ય સહ્ન નથી કરતું. છતાં પણ એનુ સહ્ન કરેલું બધું ધૂળ થાય છે. ઉપરથી એના નસીબને દોષ દેવામાં આવે છે અને એ દયા, તિરસ્કાર અથવા મશ્કરીને પાત્ર ગણાય છે. જેટલું દુઃખ એ વગર સમજ્યે વેઠે છે એથી અડધું પણ પોતાના હકોના રક્ષણ માટે અથવા ન્યાય મેળવવા પોતાની ઇચ્છાથી અને બુદ્ધિપૂર્વક વેઠે તો એણે વેઠેલાં દુઃખ તપશ્ચર્યાના રૂપમાં ફળદાયી નીવડે અને એનામાં રહેલી માણસાઈને જગાડી સ્વમાનનું ભાન કરાવે. એણે પોતાના રક્ષણને માટે શક્તિ મેળવી જ લેવી જોઈએ. ખેડુતોને કડક શબ્દોમાં ટકોર કરતા કહે છે કે, દયા માગનારો ખેડુત ખેડુત નથી પણ ભિખારી છે. અને ભિખારીને તો બીજાની દયા ઉપર જ જીવવું પડે છે. આવા ખેડુતોએ સ્વરાજનું સ્વપ્નું છોડી દેવું જોઈએ. હું ખેડુતોને ભિખારી થતા જોવા નથી માગતો. મહેરબાનીની રાહે જે કંઈ મળે તે લઈને જીવવાની ઇચ્છા કરતાં પોતાના હક ખાતર મરતાં શીખવાનું હું વધારે પસંદ કરું છું. ખેડુતોએ રાજદરબાર, શાહુકાર કે જમીનદાર વર્ગમાં પોતાની પામરતાની અને લબાડીની છાપને ભૂંસી નાખવી જોઈએ. આમ કરવામાં એને ચાલુ દુઃખોમાં થોડો વખત વધારો થાય, તો તે સહ્ન કરી લેવાની હિંમત બતાવવી જોઈએ. આમ સમજપૂર્વક દુઃખ સહ્ન કર્યા વિના કાયમી સુખ મળતું જ નથી."

સરદાર પટેલ ખેડુતોને અપીલ કરે છે કે, "ખેડુતોએ લડાઈ-ઝધડાનો નિકાલ ઘરમેળે પંચાયત મારફત કરાવી લેવો જોઈએ. ગામના આગેવાન ખેડુતોએ એવો વિશ્વાસ સંપાદન કરવો જોઈએ કે જેથી ગામડાંના લોકો એમની ન્યાયવૃદ્ધિ પર ભરોસો રાખી શકે. હજારો ખેડુતો કોર્ટ જઈ ધન અને સમયની ખુવારી કરે છે. પરિણામે ન્યાય મેળવવાને બદલે પોતાનું સર્વસ્વ ગુમાવે છે અને હંમેશ માટે કંકાસનાં બીજ વાવે છે. સરદાર પટેલ ખેડુતોને કંકાસ – ઝગડા છોડી સંપ સહકારથી સાથે મળી રહેવા સલાહ આપે છે.

બાળલગ્ન અને આભડછેટ વિશે

સરદાર વલ્લભભાઈ સ્ત્રીસશક્તિકરણના હિમાયતી હતા. સામાજિક કુરિવાજોનો તેઓ સખત વિરોધ કરતા હતા. ખેડુતોને સમજાવતા સરદાર જણાવે છે કે, "કિસાનોની એક મોટામાં મોટી ખોટ એ છે કે તેઓ બાળકોના વિવાહ બહુ જ નાની ઉંમરમાં કરી નાખે છે. નાનપણમાં છોકરાંઓને પરણાવી, કાચી ઉંમરે તેમના પર ઘરસંસારનો બોજો લાદવો એ પોતાનાં બચ્ચાંની હત્યા કર્યા બરાબર છે. આ કુટેવથી કિસાનોની ઓલાદ દહાડે દહાડે ઊતરતી બનતી જાય છે. સરકારને બાળલગ્ન પ્રતિબંધક કાયદો કરવો પડ્યો છે, એ આપણે માટે એક શરમની વાત છે.

કિસાનોમાં ધર્મને નામે અનેક જાતનાં વહેમ અને પાખંડ ધૂસી ગયાં છે. આપણા જ ગામમાં વસનારાં આપણાં ભાઈબહેન, જેમનો ખેતીવાડીના કામધંધામાં આપણે વારંવાર ખપ પડે છે અને કેટલાંક કામોમાં જેમના વિના આપણું ગાડું આગળ જ નથી ચાલતું, એવા અનેક હરિજનોનો ધર્મના નામે તિરસ્કાર કરીને તેમની લાગણી

દૂભવીએ છીએ એ એક પાપ છે. જેને આપણે અછૂત માનીએ છીએ તે જો આપણો સમાજ છોડી બીજો ધર્મ સ્વીકારી લે તો તે જ ઘડીથી તેને અડકી શકાય છે! આમ બનતું આપણે નજરોનજર જોઈએ છીએ. હિંદુ ધર્મમાંથી આ કલંક ધોઈ કાઢવા મહાત્માજીએ અનેક દુ:ખ સહન કર્યાં. ઉપવાસ કરીને દેહ પાડવા સુધીની તૈયારી કરી. અખિલ ભારત હરિજન સેવક સંઘની સ્થાપના કરીને એકે એક પ્રાંતમાં, જિલ્લામાં, તાલુકામાં અને ગામમાં તેની શાખાઓ ઉઘાડી. કોઈનેય અછૂત ન ગણવાનો દરેક કિસાનનો ધર્મ છે. ઊંચનીચનો ભેદભાવ માનનારને રાજસત્તા મેળવવાનો અધિકાર જ નથી. જે બીજા ઉપર ચઢાઈ કરે છે એના ખભા ઉપર ચઢી બેસનાર આ જગતમાં કોઈ ને કોઈ મળી આવે છે. માટે, આપણા આ સંગઠનમાં આભડછેટને જરા પણ અવકાશ ન હોવો જોઈએ.

### કોમી ભાઈચારા વિશે

કિસાનોમાં હિંદુ-મુસલમાન કે ન્યાતજાતના ભેદભાવ હોય જ નહીં. ધરતી ખેડીને મહેનતથી ધન પેદા કરનારા અનેક નાના જમીનદાર, કિસાન કે ખેતીકામમાં મદદ કરનાર મજૂર, ચાહે ગમે તે ધર્મ કે જાતિનો હોય. તોપણ એ બધા કિસાન જ છે. કુદરતમાં કદી નાતજાત કે ધર્મનો ભેદભાવ જોવામાં આવ્યો નથી ને આવશે પણ નહીં. આપણે સૌ પોતપોતાના ધર્મ કે સંપ્રદાયને વળગી રહી, ભેદભાવો છોડી, કોમી ઝઘડા મિટાવી દઈને એકસાથે આર્થિક, સામાજિક અને રાજકીય ઉન્નતિના કામમાં જ છે. આપણે સૌ પોતપોતાના ધર્મ કે સંપ્રદાયને વળગી રહી, ભેદભાવો છોડી એકસાથે આર્થિક, સામાજિક અને રાજકીય ઉન્નતિના કામમાં લાગી જઈશું ત્યારે જ આપણો ઉદ્ધાર થશે.

### 3. મુંલ્યાકન :

સરદાર પટેલના ભાષણોમાં કિસાનો માટેનો સ્પષ્ટ સંદેશ જોવા મળે છે. તેઓ કહેતા કે, “કિસાન માત્ર અન્નદાતા નથી, તે દેશની રીઢ છે.” તેઓ કિસાનોને સંગઠન, શિસ્ત અને આત્મગૌરવનો પાઠ આપતા. સહકાર, સ્વાવલંબન અને શિસ્ત—આ ત્રણ આધારસ્તંભો પર કિસાનોની પ્રગતિ શક્ય છે એવો તેમનો વિચાર આજે પણ પ્રાસંગિક છે.

- **સંદર્ભ ગ્રંથો :**

1. પરીખ, નરહરી, & શાહ, ઉત્તમચંદ (સંપા.). (2020). *સરદાર વલ્લભભાઈનાં ભાષણો.* અમદાવાદ: નવજીવન પ્રકાશન મંડળ.
2. ભટ્ટ, સિદ્ધાર્થ નરહરી (સં.પા.). (2001). *સરદારની વિચારસૃષ્ટિ.* ગાંધીનગર: કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા સભ્ય સચિવશ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ૧૨૫મી જન્મજયંતી ઉજવણી સમિતિ, ગુજરાત રાજ્ય.
3. દોશી, યશવંત. (2020). *સરદાર વલ્લભભાઈ પટેલનું જીવનચરિત્ર* (ભાગ–૧). અમદાવાદ: નવજીવન પ્રકાશન.

Certificate No.:03062025034


**MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (On-line)**

**International Peer Reviewed and Refereed Journal**


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding

this certificate to

## ડૉ. ગાયત્રી ગોહેલ

In recognition of the publication of the paper entitled

**સરદાર પટેલનું ભાષણ : કિસાનોના ઉધ્ધારક તરીકે**

Published in Volume 03, Issue 06, December 2025.

**EDITOR IN CHIEF**